ISSN: 2319-202X

# માતૃભાષાના શિક્ષણની જરૂરીયાત અને આવશ્યકતા

**ડૉ. કલ્પેશ એચ. પાઠક**, પ્રિન્સિપાલ અને ડાયરેક્ટર, સેન્ટર ઓફ એજ્યુકેશન,
**ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન**, ગાંધીનગર
Mo. 9426334140 Email:- khpathak@gmail.com

એકવીસમી સદીના વિશ્વમાં અનેક પ્રાદેશિક અને પ્રાંતીય ભાષાઓનું વર્ચસ્વ અંગ્રેજીના શિક્ષણની સામે વિસરાતું જઈ રહ્યું હોય એમ લાગી રહ્યું છે. આ સંજોગોમાં કોઈપણ ભાષાનો શિક્ષક પ્રથમ ભાષાના શિક્ષણ માટે ચિંતિત હોય તે સ્વાભાવિક છે. પ્રસ્તુત લેખ વિશ્વની એવી તમામ ભાષાઓના અસ્તિત્વ અને પ્રથમ-ભાષાના શિક્ષણની અન્ડર ડોકિયું કરવા માટે છે. આપણે સહુ જાણીએ છીએ કે પ્રથમ-ભાષા કે માતૃભાષાનું શિક્ષણ સાર્વત્રિક અને અનૌપચારિક છે અને તેથી જ સમગ્ર વિશ્વમાં પ્રથમ ભાષાનું શિક્ષણ વ્યાપ્ત છે. દરેક દેશ કે પ્રદેશ પોતાની માતૃભાષાનું સંવર્ધન કરવા માટે અને માતૃભાષામાં કેળવણી આપવા માટે પ્રયત્નશીલ હોય છે. ગુજરાતી ભાષા વૈશ્વિક સ્તરે લુપ્ત થતી ભાષાઓની યાદીમાં સમાવાય છે ત્યારે આપણે તે દિશામાં ચિંતન કરીએ તે વધુ યોગ્ય લેખાશે. આપણે સહુ માતૃભાષા અને માતૃભાષાના શિક્ષણના મુલ્ય માટે ખાસ કોઈ પ્રયત્ન કરીએ છીએ? માતૃભાષાનું શિક્ષણ બાળકના વિકાસમાં અને ખાસ કરીને તેના વ્યક્તિત્વમાં શું પ્રદાન કરી શકે તે જાણીએ છીએ? ફક્ત એકવીસમી સદીની વૈશ્વિક ભાષાના આક્રમણ સામે માતૃભાષાના શિક્ષણના મૂલ્યને ઓછું આંકીએ છીએ? માતૃભાષાના શિક્ષણ સામેના પડકારોને પહોંચી વળવા માટે આપણે તૈયાર છીએ?

વિશ્વના અનેક દેશો અને ખાસ કરીને ભારત દેશ વિવિધ ભાષાઓ અને અનેક બોલીઓ માટે જાણીતો છે છે અને પચ્ચીસથી પણ વધુ ભાષાઓનો ઉપયોગ કરતો દેશ છે. ભારતમાં માતૃભાષામાં શિક્ષણ આપવા માટેનું એક સુનિયોજીત તંત્ર પણ છે પરંતુ છેલ્લા દાયકામાં માતૃભાષામાં અને માતૃભાષાના શિક્ષણને ગ્રહણ સ્પર્શ્યું છે તેમ કહેવું યથા યોગ્ય લાગે છે. પ્રસ્તુત લેખ આ દિશામાં ભાષાશિક્ષણના વિજ્ઞાનને ધ્યાનમાં રાખી માતૃભાષા કે પ્રથમ ભાષાના સંદર્ભમાં ગુજરાતી ભાષાના શિક્ષણની જરૂરિયાત કે આવશ્યકતાની સમજ કેળવવા માટેનો એક ઉમદા પ્રયત્ન માત્ર છે.

**ભાષા શિક્ષણનો પરિચય:**

ભારત દેશ વિવિધતાઓ ધરાવતો દેશ છે અને એ વિવિધતાઓમાં ઐક્ય એ જ આ દેશનો પ્રાણ છે. ભાષાઓની બાબતમાં પણ આ સત્ય છે કારણ કે એક અતિ પ્રાચીન અને સંપૂર્ણ વૈજ્ઞાનિક ભાષાઓમાંની એક ભાષા-સંસ્કૃત ભાષામાંથી ઊતરી આવેલી અનેક ભાષાઓ અને બોલીઓનો પ્રવર્તમાન પ્રત્યાયનમાં પણ ઉપયોગ થઇ રહ્યો છે. આમ ભારત ભાષા વૈવિધ્ય ધરાવતો દેશ છે. આપણી શિક્ષણપ્રણાલી પણ

ISSN: 2319-202X

વૈવિધ્યસભર છે અને સમગ્ર અધ્યયન–અધ્યાપનની પ્રક્રિયા ચોક્કસ છે. ભારત દેશની અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા વિદ્યાર્થી એટલે અધ્યેતાકેન્દ્રી છે. બાળકનો સર્વાંગીણ વિકાસ સમગ્ર પ્રક્રિયામાં કેન્દ્રસ્થ છે. ભારત જેવા વિશાલ દેશમાં વ્યક્તિ બહુભાષી હોય તે સ્વાભાવિક છે અને તેથી જ આપણા દેશની શાળાઓમાં એક કરતાં વધુ ભાષાઓ શીખવવામાં આવે છે. સામાન્ય રીતે આપણા દેશમાં ભાષાશિક્ષણ ત્રણ સ્તરમાં વહેંચાયેલું છે. 1. પ્રથમભાષા એટલે કે માતૃભાષાનું શિક્ષણ; સામાન્યતઃ જે ભાષા શિક્ષણનું માધ્યમ છે તે ભાષા જ પ્રથમ ભાષા તરીકે ઓળખાય છે. આ સંજોગોમાં અન્ય ભાષાના માધ્યમમાં અધ્યયન કરતાં વિદ્યાર્થીઓની માતૃભાષા અલગ હોઈ શકે છે, 2. હિન્દી અથવા ભારતીય બંધારણમાં સ્વીકારાયેલી બંધારણીય ભાષાઓમાંની એક ભાષા, 3. સંસ્કૃત કે મોડર્ન યુરોપિયન લેંગ્વેજ કે અન્ય ભાષા કે જે ભારતીય બંધારણમાં સ્વીકૃત હોય. ભાષાશિક્ષણને ધ્યાને રાખી ભાષાઓના શિક્ષણને વર્ગીકૃત કરીએ તો ભાષાશિક્ષણને સામાન્યતઃ ચાર વિભાગોમાં વર્ગીકૃત કરી શકાય:

1. પ્રથમ–ભાષા કે માતૃભાષાનું શિક્ષણ
2. દ્વિતિય–ભાષા કે સમાન ભાષાકુળમાંની ભાષાઓનું શિક્ષણ
3. વિદેશી–ભાષા કે તૃતિય ભાષાનું શિક્ષણ
4. શાસ્ત્રીય ભાષાનું શિક્ષણ

ભાષાશિક્ષક તરીકે દરેક વર્ગીકૃત ભાષાશિક્ષણને સમજવું જરૂરી છે કારણ કે દરેક માટેના ધ્યેયો ભિન્ન છે, દરેકની શીખવવાની પદ્ધતિઓ અને સિદ્ધાંતો પણ ભિન્ન છે તેની ઓળખ વગર વર્ગખંડમાંનું અધ્યાપનકાર્ય બીબાંઢાળ અને નીરસ બને છે. માતૃભાષા કે પ્રથમ–ભાષાના શિક્ષણની તાસીર સમજવા માટે સમગ્ર દેશની શિક્ષણ વ્યવસ્થાનું આકલન ખૂબ જરૂરી છે. પ્રસ્તુત લેખમાં ગુજરાત રાજ્યમાં પ્રથમ–ભાષા કે માતૃભાષાના શિક્ષણનો વિચાર પ્રસ્તુત છે. ગુજરાત રાજ્ય ભારત દેશના અતિ મહત્વના રાજ્યોમાંનું એક રાજ્ય છે. વિકાસની સાથોસાથ માતૃભાષાનું શિક્ષણ ઉપેક્ષિત બની રહ્યું છે અને અંગ્રેજીનો પ્રથમ–ભાષા તરીકેનો સ્વીકાર સમાજમાં સામાન્ય બની રહ્યો છે. આ પ્રવર્તમાન સ્થિતિમાં પ્રસ્તુત લેખમાં, અંગ્રેજીના પ્રથમ–ભાષા તરીકેના અને ગુજરાતી કે અન્ય માધ્યમની શાળાઓની જે તે પ્રથમ–ભાષાના શિક્ષણને લક્ષ્યમાં રાખી, પ્રથમ–ભાષા કે માતૃભાષાના વર્ગખંડ અધ્યાપનના જ વિચારને પ્રાધાન્ય છે.

**માતૃભાષા/પ્રથમ–ભાષાની સંકલ્પના:**

પ્રથમ દૃષ્ટિએ માતૃભાષાનો વિચાર ખૂબ સામાન્ય લાગે છે કારણ કે આપણા સમાજમાં માતૃભાષા એટલે કે માતા થકી મળેલી ભાષા એટલે જ માતૃભાષા એમ સહજ સ્વીકારી લેવાયું છે. માતૃભાષાના સંકલ્પનાત્મક ખ્યાલને સમજવાનો પ્રયત્ન કરીશું.

માતૃભાષાનો પ્રાથમિક અર્થ બાળકના જીવનના શરૂઆતના તબક્કાથી સમજવો જરૂરી છે. ભાષાને સમજવા માટે બાળકના વૃદ્ધિ અને વિકાસને સમજાવો જરૂરી

છે કારણ કે ભાષાકીય વિકાસ એ બાલ્યાવસ્થામાં થતો અતિ મહત્વનો છે. માતૃભાષા કે પ્રથમ–ભાષાનો સંપૂર્ણ વિકાસ વ્યક્તિના જીવનના આ પ્રારંભિક અવસ્થામાંજ થતો હોય છે. બાળકના જન્મ અને તે પૂર્વેનો સમય બાળકના મગજના વિકાસ માટેનો અતિ મહત્વનો છે. જન્મ પછીના પાંચ વર્ષ દરમિયાન ભાષાનું અનૌપચારિક આત્મસાતીકરણ થતું હોય છે. ગર્ભસ્થ શિશુ ભાષાની સંવેદના કેળવવાનું શરૂ કરે છે અને જન્મ બાદ જો તે સાંભળવાની શક્તિ ધરાવતું હશે તો વાતાવરણમાંથી ધ્વનિતરંગો ઝીલવાનું શરૂં કરે છે અને પાંચ વર્ષનું થાય ત્યારે બોલચાલની ભાષા પર તેનું નિયંત્રણ જોવા મળે છે. બાળક પ્રથમ ભાષા આસપાસના વાતાવરણમાંથી આત્મસાત કરી લે છે. બાળકોની ભાષાની આત્મસાતીકરણની પ્રક્રિયા સંપૂર્ણપણે સહજ છે જે માટે કોઈપણ પ્રકારના પૂર્વનિર્ધારિત પ્રયત્નો વગર પ્રાપ્ત કરી લે છે. આમ બાળમાનસ પર પ્રથમ–ભાષા કે માતૃભાષાનું અંકન થતું હોય છે.

**ભાષાવિકાસ: નૈસર્ગિક પ્રક્રિયા:**

ભાષાવિકાસની આ નૈસર્ગિક પ્રક્રિયાને સમજવા માટે ભાષાકીય વિકાસના કેટલાક સહજ તબક્કાઓ સમજવા ખૂબ જરૂરી છે.

1. બાળકના જીવનનો પ્રારંભિક તબક્કો ધ્વનિતરંગોને કાન દ્વારા ઝીલી માનસપટલ પર અંકિત કરવાનો છે એટલે આ તબક્કો કાન થી મગજ સુધીના સ્નાયુઓને જે તે ધ્વનિતરંગોને પ્રવાહિત કરવા માટે મનોશારીરિક તાલીમનો છે એવું કહી શકાય. આ તબક્કા દરમિયાન કોઈપણ પ્રકારના સહેતુક પ્રયત્નો જોવા મળતા નથી એટલે કે ઊછેરની સહજ પ્રક્રિયામાં બાળક આ શકિતને અનુગ્રહિત કરી લે છે.
2. બાળકના ભાષાકીય વિકાસમાં દ્વિતિય તબક્કો અનુગ્રહિત ધ્વનિઓના પુનરૂત્પાદનનો છે. પ્રારંભિક ધ્વનિ અસ્પષ્ટ અને અર્થ વગરનો હોય છે. આ તબક્કા દરમિયાન બાળક ધ્વનિતંત્ર પર સાયુજ્ય કેળવવાનો અને અનુગ્રહિત ધ્વનિઓને સુચારુરૂપે પુનરૂત્પાદિત કરવાના કૌશલ્યને હસ્તગત કરવાનો હોય છે. ધ્વનિના પુનરૂત્પાદનનું આ સાયુજ્ય મન અને શરીર વચ્ચેના જોડાણને લીધે સંભવે છે.
3. બાળકનો ભાષા અધિગ્રહણનો આ તબક્કો અસ્પષ્ટ ધ્વનિઓનું સાયુજ્ય શબ્દ અને તે શબ્દને જોઈ શકાય કે સ્પર્શી શકાય તેવા નામો સાથે જોડાવાનો છે. નાના શબ્દો અને તે શબ્દોનો વાસ્તવિક જગત સાથેના નાતાની ઓળખ પ્રસ્થાપિત કરે છે એટલે માનસપટલ પર અંકિત ધ્વનિને નાનાનાના એકમોમાં ફેરવી વાસ્તવિક જોવા મળતી વસ્તુઓ સાથે જોડવાનો છે.
4. ધ્વનિનું સંયોજન શબ્દ અને શબ્દોનું સમય સાથેનું સાયુજ્ય એટલે વાક્ય, બાળક ક્રમશઃ પૂર્ણ વાક્યમાં બોલતો થાય છે. આ તબક્કા દરમિયાન શબ્દોનું સમય સાથે સાયુજ્ય કેળવવા બાળગીતો, બાળવાર્તાઓ દ્વારા અભિવ્યક્તિ કેળવવા માટે તૈયાર કરવાનો છે.

5. બાળકની ભાષાનું સાહજીકરણ લગભગ જન્મથી પાંચ વર્ષ દરમિયાન થઇ જતું હોય છે અને બોલચાલની ભાષા અનુગ્રહિત થઇ જતી હોય છે. બાળકની અનુગ્રહિત ભાષાને સંવર્ધિત કરવાનું કામ ભાષાશિક્ષકે કરાવવાનું હોય છે.

ઉપરોક્ત તબક્કાઓ પરથી સમજી શકાય છે કે પ્રથમ–ભાષા કે માતૃભાષાનું અનુગ્રહણ સંપૂર્ણ નૈસર્ગિક છે. બોલચાલની ભાષાનો વિકાસ જન્મથી પાંચ વર્ષ સુધીમાં થઇ જતો હોય છે. આ સમગ્ર પ્રક્રિયામાં કોઈપણ પ્રકારના ઔપચારિક પ્રયત્નો કરવામાં આવતા નથી અને વિશ્વમાં કોઈપણ સાધારણ બાળક સહજ ભાષા અનુગ્રહિત કરે છે.

**અધ્યયનની ભાષા:**

બાળકતેનું પ્રારંભિક શિક્ષણ કયા માધ્યમમાં લેલાવે છે તે ખૂબ મહત્વનું છે. ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં કયા માધ્યમમાં અભ્યાસ કરાવવો જોઈએ તેમાં દ્વિધા અનુભવે છે. સામાન્યતઃ વાલીઓ બાળકોને કયા માધ્યમમાં ભણાવવું જોઈએ તેની સલાહ શિક્ષકો પાસેથી મેળવતા હોય છે. આ પ્રશ્નનો ઉકેલ વ્યાવહારીક અને વૈજ્ઞાનિક છે, કારણ કે સામાન્ય સંજોગોમાં વાલીઓ સમાજમાં જોવા મળતી તરાહને અનુસરે છે; જે સામાન્યતઃ અન્ય માધ્યમને પસંદ કરે છે. આ બાબતને વૈજ્ઞાનિક અભિગમથી જોવાની જરૂર છે. બાળકને તેનું પ્રારંભિક શિક્ષણ માતૃભાષા કે પ્રથમ–ભાષામાં જ અપાવવું જોઈએ તેના સ્પષ્ટ કારણો દર્શાવ્યા મુજબ છે.

1. ભાષાનું અનુગ્રહણ નૈસર્ગિક છે અને તે સહજ પ્રક્રિયા છે, એનો અર્થ એ થયો કે બાળકે નિસર્ગમાંથી કેળવેલી ભાષાને બે વર્ષમાં જ અન્ય ભાષા થકી નિર્મૂળ કરવામાં આવે છે અને તે પણ સંપૂર્ણ ઔપચારિક રીતે જે ભાષા અધિગ્રહણના પ્રારંભિક તબક્કામાં જ અંતરાય ઊભો કરે છે.
2. બાળકને અન્ય ભાષાના માધ્યમમાં ભણવા મૂકવામાં આવે છે ત્યારે ધ્વનિનું સંકેતીકરણ અલગ હોવાના કારણે પ્રથમ–ભાષાના ધ્વનિ અન્ય ભાષાના ધ્વનિને અનુગ્રહિત કરવામાં બાધરૂપ બને છે.
3. બાળકને ભાષા અનુગ્રહિત કરવા માટે જરૂરી વાતાવરણ મળતું નથી અને ભાષાના ઉપયોગમાં સતત ગૂંચવાયેલો રહે છે.
4. ભાષાનો વિકાસ એ જ વાતાવરણમાં શક્ય છે જ્યાં તે વાતાવરણની ભાષા અને અધ્યયનનું માધ્યમ એક જ હોય.

**માતૃભાષાનું અને માતૃભાષા કે પ્રથમ ભાષામાં શિક્ષણ:**

બાળકના જીવનમાં માતૃભાષા અને માતૃભાષામાં શિક્ષણનું ખૂબ મહત્વ છે કારણ કે બાળકના સર્વાંગીણ વિકાસમાં પ્રથમ–ભાષા ખૂબ મહત્વની છે. જે ભાષાનું આત્મસાતીકરણ થયું હોય તે ભાષા બાળકના આંતરિક અને બાહ્ય પ્રત્યાયનને સહજ અને સાનુકુળ બનાવે છે. આમ બાળકનું શિક્ષણ માતૃભાષામાં થાય તે ખૂબ જરૂરી છે.